# પેટ્રોલની કિંમતમાં લિટરદીઠ ૨.૪૬નો ઘટાડો

## પેટ્રોલની કિંમતમા ઘટાડો તાત્કાલિક અમલી : વૈશ્વિક તેલ કિંમતમાં ઘટાડો થતા ઘટાડો : ત્રણ ઓઈલ કંપનીઓને ડીઝલ, એલપીજી, કેરોસીનના વેચાણ પર ૧૫૧૦૦૦ કરોડનું નુકસાનનો અંદાજ

નવી દિલ્હી, તા. ૨૮

દેશની ઓઈલ કંપનીઓએ આજે મધરાતથી અમલી બને તે રીતે પેટ્રોલના ભાવમાં પ્રતિલિટર રૂપિયા ૨.૪૬ પૈસાનો ઘટાડો કર્યો છે. આની સાથે જ મધ્યમ વર્ગ અને ગરીબ વર્ગને મોટી રાહત થઈ છે. પેટ્રોલની કિંમતમા હાલ ઉંચા ભાવના કારણે પેટ્રોલિયમ કંપનીઓ ઉપર પણ દબાણ હતુ. પેટ્રોલ ઉપરાંત ડીઝલ, એલપીજી, અને કેરોસીનના વેચાણ પર મહેસૂલ રૂપે ત્રણ ઓઈલ કંપનીઓને ૧૫૧૦૦૦ કરોડનુ નુકસાન થવાનો અંદાજ પ્રવર્તી રહ્યો છે. છેલ્લા એક વર્ષમાં ડીઝલ, એલપીજી, અને કેરોસીનની કિંમતોમા કોઈ ફેરફાર કરવામા આવ્યા નથી. મહાનગરો ઉપરાંત અમદાવાદમાં હાલ પેટ્રોલનો ભાવ લીટરદીઠ ૭૫.૭૫ છે. વેટની સાથે ગણવામા આવે તો તેમા આશરે ૩ રૂપિયાનો ઘટાડો થશે. મુંબઈમાં ૩.૧૦ રૂપિયાનો ઘટાડો આજના ઘટાડા સાથે થયો છે. અત્રે ઉલ્લેખનીય છે કે ત્રીજી જૂનના દિવસે પણ પેટ્રોલની કિંમતમાં ૨.૦૨નો ઘટાડો કરવામા આવ્યો હતો. આંતરરાષ્ટ્રીય બજારમાં ગેસોલીનની કિંમત ૧૦૬.૯૩ ડોલર પ્રતિ બેરલ થતા તેને ધ્યાનમા લઈને નિર્ણય લેવામા આવ્યો છે. અમેરિકી ડોલર સામે રૂપિયો હજુ ગગડી રહ્યો છે પરંતુ પેટ્રોલની કિંમતમા ઘટાડો કરવામા આવ્યો છે. જૂન ૨૦૧૦માં સરકાર દ્વારા પેટ્રોલની કિંમતને અંકુશમુક્ત કરવામા આવી હતી. જૂન ૨૦૧૧માં કિંમતમા સુધારો કરવામા આવ્યા બાદથી ડિઝલ ઉપર મહેસૂલ નુકસાન લિટરદીઠ ૬.૧ ઉથી વધીને ૧૦.૨૦ થઈ ગયુ હતુ જયારે પીડીએસ કેરોસીન માટે નુકસાન લિટરદીઠ ૨૪.૧૬ રૂપિયાથી વધીને ૩૦.૫૩ થઈ ગયુ હતુ જયારે એલપીજી પર નુકસાન સિલિન્ડર દીઠ ૩૩૧.૧૩થી વધીને ૩૯૬ થઈ ગયુ હતુ. આ રેટમાં અંડર રિકવરીમા અંદાજ ૧૫૧૦૦૦ કરોડ થશે.

આંતરરાષ્ટ્રીય બજારોમાં કાચા તેલના ભાવમાં ઘટાડો થતાં જ દેશની ઓઈલ કંપનીઓએ પેટ્રોલના ભાવમાં ઘટાડો કર્યો છે. આમ આ મહિનામાં પેટ્રોલના ભાવ બીજી વખત ઘટાડો કરાયો છે. સૂત્રોના જણાવ્યા મુજબ દેશની ઓઈલ કંપનીઓની આજે બેઠક મળી હતી જેમાં આંતરરાષ્ટ્રીય બજારીમાં ઘટેલા કાચા તેલની કિંમતની સમીક્ષા કર્યા બાદ પેટ્રોલમાં પ્રતિલિટર રૂપિયા ૨.૪૬ પૈસાનો ઘટાડો કરવામાં આવ્યો છે. જો કે આંતરરાષ્ટ્રીય બજારોમાં કાચા તેલના ઘટેલા ભાવો મુજબ પ્રતિલિંટર રૂપિયા ચારનો ઘટાડો કરવામાં આવે એવી શકયતા હતી પરંતુ ડોલર સામે રૂપિયો નબળો પડતા પેટ્રોલના ભાવમાં પ્રતિલિટર રૂપિયા ચારના બદલે માત્ર રૂપિયા ૨.૪૬ પૈસાનો જ ઘટાડો કરાયો છે. ભાવ ઘટાડાનો અમલ આજે રાતના ૧૨ વાગ્યાથી જ અમલી બની જશે.

# મુંબઈમાં ભારે વરસાદથી જનજીવનને અસર

મુંબઈ, તા. ૨૮

દેશના વાણિજ્ય પાટનગર મુંબઈમાં થોડાક દિવસ સુધી સંતાકૂકડીની રમત રમ્યા બાદ મોનસુને આખરે એન્ટ્રી કરી દીધી છે. ભારે વરસાદના કારણે મુંબઈમાં ચારે બાજુ પાણી ભરાઈ ગયા હતા. જનજીવનને પણ માઠી અસર થઈ છે. સેન્ટ્રલ-વેસ્ટર્ન લાઈનોની ટ્રેનોને અસર થઈ છે. કુરલા, ઘાટકોપર, ગોવંડડી, ઓશિવારા, ચેંબૂર, વિક્રોલી, કાજુરમાર્ગ, અંધેરી સહિતના વિસ્તારોમા ભારે વરસાદ થયો છે. ભારે વરસાદના કારણે તમામ જગ્યાઓએ ટ્રાફિક જામની સ્થિતિ સર્જાઈ હતી. હવામાન વિભાગે કહ્યુ છે કે આવતીકાલે પણ અતિભારે વરસાદ જારી રહે તેવી શકયતા છે. હવામાન વિભાગના અધિકારીઓનુ કહેવુ છે કે કોલાબા (દક્ષિણ મુંબઈ)માં સવારના ગાળામાં જ ૨૧ મિમિ જેટલો વરસાદ નોંધાઈ ગયો જ્યારે સાંતાક્રુઝમા સવારના ગાળામા ૭૫ મિમિ વરસાદ નોંધાઈ ગયો હતો. હવામાન વિભાગ દ્વારા શકયતા વ્યક્ત કરવામા આવ્યા બાદ મુંબઈ આ વખતે મોનસનુની મોડેથી



એન્ટ્રી થઈ છે. ભારે વરસાદના લીધે ઉત્તર પશ્ચિમ મુંબઈના ખાર, જોગેશ્વરી, બાંદ્રા, ગોરેગાવ અને મલાડમાં પાણી ભરાઈ ગયા હતા. હવામાન વિભાગે આગામી ૨૪ કલાકમા અતિ ભારે વરસાદની આગાહી કરી છે. સાથે સાથે મુંબઈને કોકણના દરિયાકાઠાના વિસ્તારો માટે પણ ચેતવણી જારી કરવામા આવી છે. શહેરમા મહત્તમ તાપમાન ૩૦ ડિગ્રી અને લઘુત્તમ તાપમાન ૨૭ ડિગ્રી નોંધાઈ ગયુ છે. મોનસુનની સિઝનમા પ્રથમ વખત અતિ ભારે વરસાદ થયો છે. કાંદીવળી અને મલાડમાં ગુરૂવારે સવારમા જ ૪૫ મિમિ વરસાદ નોંધાઈ ગયો હતો. સેન્ટ્રલ રેલવેની ટ્રેન સેવાને માઠી અસર થઈ છે. તમામ ટ્રેનો ૩૦થી ૩૫ મિનિટ મોડેથી દોડી રહી છે. સેન્ટ્રલ રેલવેના પ્રવકતાએ કહ્યુ છે કે જુદા જુદા સ્થળો પર સિગ્નલની સમસ્યા સર્જાઈ ગઈ છે. બીજી બાજુ પશ્ચિમી લાઈન પર તમામ ટ્રેનો નિર્ધારિત સમય મુજબ દોડી રહી છે. બીજી બાજુ મુંબઈ આંતરરાષ્ટ્રીય વિમાની મથકે વિમાની સેવા સામાન્ય રહી છે.

# પ્રણવ અને સાંગમાએ ઉમેદવારી પત્રો ભર્યા

નવી દિલ્હી, તા. ૨૮

રાષ્ટ્રપતિ પદના બંને ઉમેદવાર યૂપીએના ઉમેદવાર પ્રણવ મુખર્જી અને એનડીએના ઉમેદવાર પીએ સાંગમાએ આજે વિધિવત રીતે તેમના ઉમેદવારી પત્રો દાખલ કર્યા હતા. ૧૯મી જુલાઈના દિવસે રાષ્ટ્રપતિની ચૂંટણી યોજાનાર છે. દેશના ૧૪માં રાષ્ટ્રપતિની ચૂંટણી યોજાનાર છે. પ્રણવ મુખર્જીએ સંસદ ભવનમાં સવારે ૧૧.૦૦ વાગે ઉમેદવારી નોંધાવી હતી. જ્યારે એનડીએના ઉમેદવાર પીએ સાંગમાએ બપોરે ૨.૩૦ વાગે ઉમેદવારી નોંધાવી હતી. દેશના સૌથી વરિષ્ઠ અનુભવી અને કુશળ રાજકીય નિષ્ણાંત તરીકે પ્રણવ મુખર્જીને ગણવામા આવે છે. પ્રણવ સવારે તેમના સમર્થકો અને તેમને ટેકો



આપી રહેલા સભ્યોની સાથે સંસદ ભવન પહોંચ્યા હતા. તેઓએ ચૂંટણી અધિકારી વીકે અગ્નિહોત્રી સમક્ષ ઉમેદવારી પત્રો દાખલ કર્યા હતા. વડાપ્રધાન મનમોહનસિંહ, કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધી, કોંગ્રેસના યુવરાજ રાહુલ ગાંધી, સમાજવાદી પક્ષના વડા મુલાયમ સિંહ, બહુજન સમાજપાર્ટીના નેતા સતીશ ચંદ્ર મિશ્રા, ડીએમકેના નેતા ટીઆર બાલુ, આરજેડીના નેતા લાલુપ્રસાદ યાદવ, એલજેપીના નેતા રામવિલાસ પાસવાન અને અન્ય નેતાઓની હાજરીમાં પ્રણવ મુખર્જીએ ઉમેદવારી પત્ર ભર્યા હતા. મનમોહનસિંહ અને સોનિયાગાંધીની સાથે પ્રણવે પોતાના ઉમેદાવીર પત્રના ચાર સેટ દાખલ કર્યા હતા. પ્રણવના ઉમેદવારી પત્રના ચાર સેટ પર કેન્દ્રીય પ્રધાનો, મુખ્ય પ્રધાનો, કોંગ્રેસના વરિષ્ઠ નેતાઓ, પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ સહિત ૪૮૬ સાંસદો અને ધારાસભ્યોના હસ્તાક્ષર છે. ઉમેદવારી પત્રના સૌથી પ્રથમ સેટ પર જેડીયૂના નેતા શરદ યાદવના હ્સતાક્ષર હતા. બીજા સેટ પર એકે એન્ટોનીના, ત્રીજા સેટ પર મુલાયમ સિંહના અને ચોથા સેટ પર માયાવતીના હસ્તાક્ષર હતા. સાવચેતીના પગલા રૂપે પણ વ્યવસ્થા કરવામા આવી હતી. દેશમાં ૧૪મા રાષ્ટ્રપતિ માટેની ચુંટણી ૧૯મી જુલાઈના દિવસે યોજાનાર છે. તૃણમુલ કોંગ્રેસ સિવાય અન્ય તમામ ટેકો આપતા પક્ષો પ્રણવ સાથે રહ્યા હતા. પ્રણવને ૧૦.૯૮ લાખ મત મૂલ્ય પૈકી ૭ લાખથી વધુ મત મળી શકે છે. સાંગમાએ પણ તેમની ઉમેદવારી દાખલ કરી હતી. તેમની સાથે અડવાણી, સુષ્મા સ્વરાજ, નીતિન ગડકરી, નવીન પટનાયક, બાદલ સહિતના નેતાઓ પહોંચ્યા હતા.

# સરબજીત સિંહના કુટુંબના સભ્યો વિદેશ મંત્રીને મળ્યા

નવી દિલ્હી, તા. ૨૮

આતંકવાદના આરોપસર પાકિસ્તાનમાં મૃત્યુદંડની સજાનો સામનો કરી રહેલા ભારતીય કેદી સરબજીત સિંહની મુક્તિના મામલે યુટર્ન લેવામા આવ્યા બાદ પરિવારના સભ્યોને



ભારે આઘાત લાગ્યો છે. પરિવારના સભ્યોએ આજે નવી દિલ્હીમાં જંતરમંતર ખાતે દેખાલ કરવા પહોચ્યા હતા. સાથે સાથે વિદેશ મંત્રી એસએમ કૃષ્ણાને પણ મળ્યા હતા. સરબજીતની મુક્તિની માંગણી કરવામા આવી હતી. છેલ્લા થોડાક વર્ષોથી સરબજીતની મુક્તિ માટે ઝુંબેશ ચલાવનાર સરબજીતની બહેન દલબીર કોર અને પરિવારના અન્ય સભ્યો જંતરમંતર ખાતે દેખાવો કર્યા હતા. ધરણામા તેમની સાથે અન્ય સભ્યો પણ જોડાયા હતા. દલબીર કોરે કહ્યુ હતુ કે પાકિસ્તાને અમારી સાથે ક્રુર મજાક કરી છે. અમે ફરી સરબજીતને મુક્ત કરવા પાકિસ્તાની પ્રમુખ જરદારીને અપીલ કરી રહ્યા છે. પોતાના ભાઈની મુક્તિ માટે સાઉથ બ્લોકમાં દલબીર કૃષ્ણાને પણ મળ્યા હતા. પાકિસ્તાને મંગળવારે મોટી ભૂલ કરી હતી. એ વખતે પાકિસ્તાને એવી જાહેરાત કરી દીધી હતી કે જરદારીએ સરબજીતની મૃત્યુદંડની સજાને ઘટાડી દીધી છે જેથી તેને મુક્ત કરવામા આવશે. જોકે મોડેથી પ્રમુખના પ્રવક્તાએ કહ્યુ હતુ કે સરબજીતના બદલે અન્ય ભારતીય કેદી સુરજીત સિંહને છોડી મુકવામા આવ્યો છે. સુરજીત સિંહ પણ જાસૂસીના આરોપસર ત્રણ દશકથી પાકિસ્તાનની જેલમાં હતો.

# આસામમાં સતત ત્રીજા દિવસે પણ અતિ ભારે વરસાદ

ગુવાહાટી, તા. ૨૮

આસામમા અતિ ભારે વરસાદ જારી રહ્યો છે. જેના પરિણામ સ્વરૂપે ભેખડો ધસી પડવાના બનાવો સતત ત્રીજા દિવસે નોંધાયા હતા. સતત ત્રીજા દિવસે અતિ ભારે વરસાદના કારણે ટ્રેક ઉપર પાણી ફરી વળતા ટ્રેન સેવા ખોરવાઈ ગઈ છે જેના લીધે ચાર ટ્રેનોમા ૨૫૦૦ જેટલા યાત્રીઓ આસામમા અટવાઈ પડ્યા છે. દક્ષિણી આસામના ઘણા ભાગો દેશના અન્ય ભાગોથી સંપર્ક વિહોણા થઈ ગયા છે. આસામના ડીમાં હસાવ જિલ્લામાં સિંગલ મીટર ગેજ રેલવે



લાઈન પર ત્રણ જગ્યાએ ટ્રેન સેવા ખોરવાઈ ગઈ છે. ત્રિપુરા, મણીપુર, મિઝોરમ અને મેઘાલયના અન્ય ભાગો તથા આસામના દક્ષિણી ભાગો વચ્ચે સંપર્ક ખોરવાઈ ગયો છે. ભારે વરસાદ બાદ આશરે ૯૦ જગ્યાએ ભેખડો ધસી પડવાના બનાવો બન્યા છે જેથી આસામના મુખ્ય શહેર ગુવાહાટીથી આશરે ૩૦૦ કિલોમીટરના અંતેર દીમા હસાવ ખાતે રોડ, રેલવે ટ્રેક અને પુલને નુકસાન થયુ છે. નોર્થ ઈસ્ટ ફ્રન્ટીયર રેલવેના પ્રવક્તાએ કહ્યુ છે કે સેનાના જવાનો, રેલવે, અને રાજ્ય સરકારના અધિકારીઓ તથા વર્કરો જુદી જુદી જગ્યાઓએ માર્ગ અને રેલવે વ્યવસ્થાને સામાન્ય બનાવવામા લાગે છે. આસામ સરકાર અને એનએફઆર સત્તાવાળાઓ દીમા હસાવ જિલ્લામા તાકીદના આધાર ઉપર વૈકલ્પિક માર્ગ વ્યવસ્થા કરવામા વ્યસ્થ છે. જિલ્લા સત્તાવાળાઓએ અટવાઈ પડેલા યાત્રીઓને જુદી જુદી જગ્યાઓએ ખાવા પીવાની ચીજ વસ્તુઓ અને તબીબી સુવિધા ઉપલબ્ધ કરાવી છે. ત્રિપુરાના પાટનગર અગરતલા, મણીપુરના ભાગો અને મિઝોરમના ભાગોથી જોડતા દીમા હસાવ જિલ્લામાં સુવિધા પુનઃ સ્થાપિત કરવાના પ્રયાસ થઈ રહ્યા છે.

## શરણાગતિ સ્વીકાર્યા બાદ યશવંતને આખરે જામીન

રાચી, તા. ૨૮

ભાજપના વરિષ્ઠ નેતા યશવંત સિન્હાએ ભ્રષ્ટાચાર વિરોધી આંદોલન સાથે સંબંધિત એક કેસના સંબંધમાં સ્થાનિક કોર્ટ સમક્ષ શરણાગતિ સ્વીકારી લીધી હતી. ત્યાર બાદ તેમને જામીન આપી દેવામા આવ્યા હતા. ભ્રષ્ટાચાર વિરોધી આંદોલનનુ વર્ષ ૨૦૦૮માં તત્કાલિન મધુકોડા શાસન દરમ્યાન તેઓએ નેતૃત્વ કર્યુ હતુ. જ્યુડિશિયલ મેજીસ્ટ્રેટ રાજીવ રંજનની કોર્ટ સમક્ષ યશવંત સિન્હા ઉપસ્થિત થયા હતા. ત્યાર બાદ તેઓએ જામીન અરજી કરી હતી.

# પાયલોટોની લાંબી હડતાળને ઉકેલવા વડાપ્રધાનને અપીલ

નવી દિલ્હી, તા. ૨૮

જુદી જુદી માંગણીઓને લઈને હડતાળનો લઈને એર ઈન્ડિયાના પાયલોટોએ આજે ૫૨ દિવસથી ચાલી રહેલી હડતાળને ઉકેલવા અને મડાગાંઠનો અંત લાવવા વડાપ્રધાન મનમોહનસિંહ અને કોંગ્રેસા ટોચના નેતાઓને અપીલ કરી હતી. દરમ્યાન હડતાળના કારણે સ્થિતિ વધુ વણસી



રહી છે. ઉપવાસના કારણે કેટલાક પાયલોટોની તબીયત પણ ખરાબ થઈ છે. આંદોલનનો નેતૃત્વ કરી રહેલા ઈન્ડિયન પાયલોટ ગીલ્ડ દ્વારા પત્ર લખીને જાણ કરવામા આવી છે. પાંચ દિવસની ભૂખ હડતાળ યથાવત રીતે આગળ વધી રહી છે. ઈન્ડિયન પાયલોટ ગીલ્ડે કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધી, જનરલ સેક્રેટરી રાહુલ ગાંધીને પણ પત્ર લખી વિવાદનો અંત લાવવા અપીલ કરી છે. લાંબા આંદોલનને ઉકેલવા તેમની તાકીદની દરમિયાનગીરીની માંગણી કરવામા આવી છે. રવિવાર બાદથી ભૂખ હડાતળ પર રહેલા ત્રણ પાયલોટોને ગઈકાલે તબીયત ખરાબ થઈ જતા હોસ્પિટલમા દાખલ કરાયા હતા. દિલ્હી અને મુંબઈમાં અન્ય કેટલકા પાયલોટોની તબીયત પણ ખરાબ થઈ છે. આંદોલન કાર્યોને રાહત મળી છે. કારણ કે ઈન્ટરનેશનલ ફેડરેશન ઓફ એરલાઈન પાયલોટ એસોસિએશન દ્વારા ટેકો આપવામાં આવ્યો છે. વિવાદને ઉકેલવા હકારાત્મક વલણ અપનાવવા ડીજીસીએને અપીલ પણ કરવામા આવી છે. ઉડ્ડયન રેગ્યુલેટર ડીજીસીએને લખવામા આવેલા પત્રમાં ઈન્ટરનેશનલ ફેડરેશન ઓફ એરલાઈન પાયલોટ એસોસિએશનના વડાએ કહ્યુ છે કે આ ખૂબ જ ખરાબ પરિસ્થિતિ છે. વિવાદનો ઉકેલ વહેલી તકે આવે તેવા કોઈ સંકેત દેખાઈ રહ્યા નથી. પાયલોટોની હડતાળના કારણે એર ઈન્ડિયાને ભારે નુકસાન પણ થઈ ચુકયુ છે. પાયલોટો અને મેનેજમેન્ટના કઠોર વલણના લીધે હડતાળ ખૂબ લાંબી ખેચાઈ ગઈ છે. આના ઉકેલના હાલ કોઈ સંકેત દેખાઈ રહ્યા નથી.

# બિહારને ૨૦,૦૦૦ કરોડનું પેકેજ આપવા માટેનો નિર્ણય

નવી દિલ્હી, તા. ૨૮

રાષ્ટ્રપતિની ચૂંટણીમાં ઉમેદવારની પસંદગીના મામલે એનડીએથી અલગ થઈ પોતાની પસંદગી કરનાર બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમારને મોટો ફાયદો થઈ ગયો છે. યુપીએના રાષ્ટ્રપતિ પદના ઉમેદવાર પ્રણવ મુખરજીને ટેકો આપવા બદલ નીતિશ કુમારને કેન્દ્ર પાસેથી ૧૨મી પંચવર્ષીય યોજના દરમિયાન ૨૦,૦૦૦ કરોડનું પેકેજ મળી ગયું છે. ૧૨મી યોજના દરમિયાન ખાસ સહાય પેકેજ તરીકે નીતિશ કુમારને બે ગણી રકમ મળશે. બિહારને કેન્દ્રીય પેકેજ તરીકે દર વર્ષે ૪૦૦૦ કરોડ રૂપિયા મળશે. જંગી કેન્દ્રીય સહાયતી મળ્યા બાદ નીતિશ કુમારને રાજ્યમાં વિકાસની પ્રવૃત્તિને વધુ ઝડપી બનાવવામાં મદદ મળશે. જો કે બિહારનો ખાસ દરજ્જો આપવાનો કેન્દ્ર સરકારે ઈન્કાર કરી દેતા નિતીશ કુમારનો નિરાશા પણ હાથ લાગી છે. આયોજન પંચ સાથેની લાંબી બેઠક દરમિયાન મુખ્યમંત્રીએ પટના માટે દિલ્હી જેવા મેટ્રો રેલ નેટવર્ક માટેની મંજૂરી પણ મેળવી લીધી હતી.

સાથે સાથે તેમના લોકસભાના મત વિસ્તાર નાલંદામાં એરપોર્ટ માટેની મંજૂરી પણ મેળવી હતી. નીતિશ કુમારને પ્રણવ મુખરજીને ટેકો આપીનો ફાયદો થયો છે. આયોજન પંચના નાયબ અધ્યક્ષ મોન્ટેકસિંહ આહલુવાલિયા અને કુમાર વચ્ચેની બોઠકમાં અર્થતંત્રના અન્ય પાસાંઓ પર ચર્ચા થઈ હતી. વર્ષ ૨૦૧૨-૧૩ માટે બિહાર માટે વાર્ષિક યોજનાનું કદ ૨૮,૦૦૦ કરોડ રાખવામાં આવ્યું છે. વડાપ્રધાનના આર્થિક સલાહકાર પરિસરના ચેરમેન સી. રંગરાજન અને આહલુવાલિયા સાથેની મિટીંગમાં નીતિશ કુમાર ઘણી રાહતો મેળવી લેવામાં સફળ થયા હતા. આહલુવાલિયાએ ખાતરી આપી હતી કે બિહાર માટે ચાલી રહેલા ખાસ સહાયતા પેકેજ જારી રહેશે. તેમણે એમ પણ કહ્યું હતું કે કુમારની લાંબાગાળાની માંગણી સ્વીકારી લેવામાં આવી છે. નીતિશ કુમારે યોજના પેનલ સમક્ષ દાવો કર્યો હતો કે આગામી યોજનામાં રાજ્ય ૧૩ ટકાનો ગ્રોથ રેટ ઈચ્છે છે જેમાં કૃષિમાં સાત ટકાના ગ્રોથ રેટનો સમાવેશ થાય છે.

## અમરનાથ યાત્રા : વધુ બે લોકોના કરુણ મોત થયા

શ્રીનગર, તા. ૨૮

અમરનાથમાં આ વર્ષે જુદા જુદા કારણોસર વધુ બે શ્રદ્ધાળુઓના મોત થયા છે. આની સાથે મોતનો આંકડો વધીને આઠ ઉપર પહોંચી ગયો છે. હાર્ટ એટેકના કારણે બે શ્રદ્ધાળુના મોત થયા છે. પોલીસે માહિતી આપતા કહ્યુ છે કે આજે સવારે અનન્તનાગ જિલ્લામાં પરંપરાગત પહેલગામ-ગુફા માર્ગ પર ૫૫ વર્ષીય એક શ્રદ્ધાળુનો મૃતદેહ મળી આવ્યો હતો. જ્યારે પંજાબના એક નિવાસી ૪૦ વર્ષીય સુભાષચાંદનુ પણ મોત થયુ છે. આની સાથે જ અમરનાથ યાત્રામાં મોતનો આંકડો વધીને આઠ ઉપર પહોંચ્યો છે. હજુ સુધી ૬૧૨૦૦ જેટલા શ્રદ્ધાળુઓ દર્શન કરી ચુક્યા છે. જે પૈકી ૨૨૮૧૦ શ્રદ્ધાળુઓએ ગઈકાલે દર્શન કર્યા હતા. દરમિયાનમા જમ્મુ બેજકેમ્પથી આજે સવારે ૨૬૯૩ શ્રદ્ધાળુઓની નવી ટુકડી રવાના થઈ હતી. આ શ્રદ્ધાળુઓમા ૧૭૯૩ પુરુષો, ૪૯૦ મહિલાઓ, ૧૫૦ બાળકો, ૨૬૦ સાધુઓનો સમાવેશ થાય છે. જમ્મુમા ભગવતી નગર બેજકેમ્પથી ૯૨ વાહનોમા શ્રદ્ધાળુઓનો કાફલો રવાના થયો હતો. પોલીસે કહ્યુ હતુ કે આજની બેચ સાથે જ જમ્મુથી રવાના થયેલા શ્રદ્ધાળુઓની સંખ્યા ૧૨૪૬૫ પહોચી છે.

### કોફી હાઉસ (પાના નં. ૪ નું ચાલુ)

'નથિંગ સર, આય એમ હેપ્પી.'

'ફોર હાઉ લોંગ, યુ હેવ બેન ધીસ કન્ડીશન?'

'ફિફટી યર્સ, એમ્પ્યુટેટેડ એન્ડ હેપ્પીલી મેરિડ.'

...અને ડૉક્ટર્સ આ આદમીની હિંમત અને વિશ્વાસ જોઈ ખુશ થઈ ગયા ને વિદ્યાર્થીઓને કંઈક સંદેશો આપવા કહ્યું અને પછી તેમણે જે કંઈ પણ કહ્યું તેનો સાર એક જ હતો, બી પોઝિટીવ... સપના જુઓ... આશાવાદી બનો.'

એમની ઓફિસમાં એક મિત્ર હતા. તેમનાં પુત્રનો એક પણ કપાઈ ગયો. છોકરી બારમાં ધોરણમાં ભણતો હતો ને નિરાશ થઈ ગયો હતો. એ એમનાં ઘરે ગયા. છોકરાને ખબર ન હતી કે એમનાં પગ નથી કેમ કે, એ પહેલાં કદી એમને નહોતો અને ચિપલોનકર દાદા જયારે લાકડાના પગ અને પેન્ટ પહેરીને ચાલે તો લાગે જ નહીં કે આ માણસ પાસે કુદરતી પગ નથી. એમણે એ છોકરાને ઘણું બધું સમજાવ્યું, 'છોકરા તારી પાસે ફક્ત એક પગ નથી, પણ મા છે, બાપ છે... સારું જીવન છે.' પણ સ્વાભાવિક રીતે જ આવી. વાતોથી છોકરો કન્વિન્સ થવાનો નહતો, ચિપલોનકર ઊભા થયા અને બધાની વચ્ચે પોતાનું પેન્ટ કાઢી નાખ્યું અને છોકરાને કહ્યું, 'જો હું જિંદગીભર આ પગ પર ઊભો રહ્યો છું.' ને છોકરા પર અસર થઈ ને આજે એન્જિનીયરીંગમાં ડિપ્લોમાં - ડિગ્રી કર્યા બાદ તેનો છોકરો દસમા ધોરણમાં ભણે છે. પ્રેરણાનું જ્વલંત ઉદાહરણ!

વર્ષનાં ૮ મહિના ગાંધીનગર ને ૪ મહિના પૂના રહેતા ચિપલોનકર દાદા શોખીન માણસ છે. ૮૦૦ થી વધુ કાર્ટૂનો દોરનાર આ કલાકાર વાંસળીનાં સૂર પણ છેડે છે, ને હાર્મોનિયમ પણ વગાડે છે, નવાઈની વાત તો એ છે કે સંગીત માટે કોઈ જ તાલીમ લીધી નથી. એમનાં ઘરનું બધુ કામ પતિ-પત્ની જાતે જ કરે છે, તેઓ ન્યૂમેરોલોજી કે અંકશાસ્ત્રનાં પ્રબળ અધ્યયનનાં આધારે પણ અર્થઘટન કરે છે, આંકડાઓ, રેખાઓ, રંગો ને સૂરોમાં ખોવાયેલા રહેતા માણસને દુઃખી થવાનો સમય મળી રહે ખરો? તે કહે છે જિંદગીમાં શોખ રાખો! હસતા રહો!

આજે પણ તેમના ચહેરા પર તેજ છે, ચમક છે, જિંદગી માટે પ્યાર છે. આજે પણ એક સ્વસ્થતા એમનાં અવાજમાં છલકે છે, આજે પણ તેઓ ૧૯૮૨માં ૧૯,૦૦૦ રૂા.માં લીધેલી ઑટો રીક્ષામાં આવજા કરે છે ને બગડે ત્યારે ગાંધીનગરનાં રીક્ષાવાળા દોડતા મદદે આવે છે...!

આજે ૭૩ વરસો વીતી ગયા છે. પણ જિંદગી જિંદાબાદ! નાસીપાસ કે નિરાશ થવાને બદલે તેમણે ડિસેબલીટી ને ડિફરન્સ એબિલીટીમાં બદલી નાંખી... સો સલામ!!

- ch9723367947@yahoo.com

# અવિનાશી અવિનાશ.....

• બીજા પાનાનું અનુસંધાન

કોપી 'બડી ઉમ્મીદ સે રખ્ખા હે બલમ તેરી કસમ' ગાઈને બતાવ્યું તો 'હે રંગલો જામ્યો કાલિંદડીને ઘાટ...' પરથી કોપી મારેલું બચ્ચનના સુહાગ પિક્ચરનું 'હે નામ રે સબસે બડા તેરા નામ...'ની જાણકારી આપી ગુજરાતી ગીતો અને અવિનાશ વ્યાસનું સન્માન કર્યું!

સૂર અને સાધનાને ૭૮ વર્ષની ઉંમરેય વળગીને રિયાઝ કરતાં પુરુષોત્તમભાઈએ પછી તો 'મારા રામ તમે સીતાજીની તોલે ના આવો'માં ભાવવાહી થઈ ગયા. કાચા રે કાન તમે ક્યાંના ભગવાન, અગ્નિપરીક્ષા કોની લીધી, પત્નીને પારખતાં ન આવડી' પંક્તિમાં તો તેઓ ગળગળાં થઈ ગયાં... અવિનાશ વ્યાસે ફટાણાં અને લગ્નગીત પણ ખૂબ રચ્યાં છે જે પૈકી 'કંકુ છાંટીને લખો રે કંકોતરી, વેવાઈ તારાં છોકરાં હારે પૈણે મારી છોકરી...' ગાઈને પુરુષોત્તમભાઈએ લગ્નનું દૃશ્ય નજર સમક્ષ ખડું કરી દીધું... આખાય કાર્યક્રમમાં બધાં જ ગીતો મોઢે ગાયાં. અવિનાશ વ્યાસનાં ૧૫૦૦૦ ગીતો પુરુષોત્તમભાઈને યાદ છે અને એમાંય ઑફબીટ ગીતો યાદ રાખી એમણે કમાલ કરી...

'હુ તુ તુ તુ તુ...' આવું ગીત તો અવિનાશ વ્યાસ જ રચી શકે, નયન પંચોલી દિલ દઈને ગાયેલું આ અફલાતૂન ગીત ગાઈ પ્રેક્ષકોને જલસો કરાવી દીધો. ડૉ. ફાલ્ગુનીએ પછી 'મહેંદી તે વાવી માંડવે ને એનો રંગ ગયો ગુજરાત રે' પ્રેક્ષકોની તાળીઓ સાથે ગાયું અને સૌએ ઝીલ્યું... પલકે અવિનાશ વ્યાસની મનગમતી રચના જેવું 'તમે થોડાં થોડાં થાવ વરણાગી, હો ભાભી તમે, નવી ફેશનની ધૂન ભલે લાગી...' શબ્દોની રમતથી અને અવાજની નજાકતથી ગીતને રમતીયાળ બનાવી પ્રેક્ષકોની દાદ ઝીલી લીધી. હે તને જાતાં જોઈ પનઘટની વાટે, મારું મન મોહી ગયું....' નયન પંચોલીએ ગાઈને એમના ગુરુને આગળનો કાર્યક્રમ સોંપી દીધો.

મોહમ્મદ રફીએ ગયેલું સોફા કમ બેડ એટલે કે ગીત કે ગઝલ જે કહેવું હોય એવું ગીત કહું છું જવાનીને પાછી વળી જા કે ઘડપણનું ઘર મારું આવી ગયું છે' હારમોનીયમની કાળી-ધોળી પટ્ટીની રમતથી રંગમાં આવીને પુરુષોત્તમભાઈ છવાઈ ગયાં... 'હે રંગલો જામ્યો કાલિંદડીને ઘાટ' લલકારી પછી કોરસ સાથે 'બંસીવાળા બનવારી' જેવા દુહાની રમઝટ બોલાવી પરદો બંધ થાય ત્યાં સુધી અવિરત અવિનાશી અવિનાશ સન્માન આપતું રહ્યું... ગુજરાતી ફિલ્મ, નાટકમાં ગીતોનો પર્યાય બની રહેલાં અવિનાશ વ્યાસનાં લજ્જતદાર ગીતો રંગારંઘ કાર્યક્રમ યોજીને 'શિવરંજની'એ ટાઉનહૉલમાં 'છાનું રે છપનું કંઈ થાય નહીં...'ને બદલે જાહેરમાં જ મસ્ત સુરાંજલી અર્પી. શિવરંજની સંસ્થા આવનારા વર્ષમાં આવા જ મસ્ત કાર્યક્રમો કર્ણપ્રિય શ્રોતાજનો માટે લાવશે એવી શુભકામનાઓ... નવાં સજીલા ગીતોના કાર્યક્રમના સુરજની પ્રતિક્ષમાં...